# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૫૩ | ૬ માર્ચ, ૨૦૧૯, બુધવાર; મહા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ...તો જવાબી કાર્યવાહીના વિકલ્પો ખુલ્લા જ છે

**ત્રાસવાદી હુમલા થશે તો ત્રાસવાદી કેમ્પો ફુંકી મારવાના વિકલ્પો સતત ખુલ્લા હોવાનો દાવો : એફ-૧૬ને તોડી પડાયા બાદ પાકિસ્તાનની સામે પગલા લેવા માટે અમેરિકાને પણ જાણ કરવામાં આવી : બાલાકોટ હુમલા મિલિટ્રી એક્શન તરીકે ન હતા**

નવીદિલ્હી,તા. ૫

વધુ એક આતંકવાદી હુમલાની સ્થિતિમાં ભારતની સામે તમામ વિકલ્પો ખુલ્લા રહેશે. સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે, જો હવે ફરી આતંકવાદી હુમલા કરવામાં આવશે તો ભારત જવાબી કાર્યવાહી કરવામાં ખચકાટ અનુભવ કરશે નહીં. સુત્રોએ એમ પણ કહ્યું છે કે, સરકાર ત્રાસવાદી માળખાને ખતમ કરવા પાકિસ્તાન દ્વારા લેવામાં આવી રહેલા કઠોર પગલા ઉપર પણ ભાર મુકશે. ભારતે પાકિસ્તાનની જવાબી કાર્યવાહી દરમિયાન તેના એક એફ-૧૬ વિમાનને તોડી પાડ્યા બાદ આ અંગેના પુરાવા અમેરિકાને પણ આપી દીધા છે. ભારતને વિશ્વાસ છે કે, અમેરિકા પણ આ વિષયમાં જોરદાર તપાસ કરશે અને પાકિસ્તાનને વધુ મુશ્કેલીમાં મુકશે. અધિકારીઓના કહેવા મુજબ બાલાકોટ હુમલા બાદથી ભારત દ્વારા ત્રાસવાદના મુદા પર પાકિસ્તાન પર વધુને વધુ દબાણ લાવવાના પ્રયાસો હાથ ધર્યા છે. ભારતે ગઈકાલે જ કહ્યું હતુ કે, ૨૬મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાનના બાલાકોટમાં જૈશના સૌથી મોટા આતંકવાદી કેમ્પ ઉપર હુમલા બાદ પાકિસ્તાન તરફથી ભારતીય હવાઈ ક્ષેત્રમાં ઘુસણખોરી કરવાના પ્રયાસ કર્યા હતા. ભારતીય હવાઈ દળે આ હુમલાને નિષ્ફળ બનાવીને તેના એક વિમાનને તોડી પાડ્યું હતું. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાને જવાબી કાર્યવાહી કરવાનો પ્રયાસ કર્યો હતો. કાશ્મીરમાં કેટલાક લશ્કરી સ્થળોને ટાર્ગેટ બનાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. ભારતે પોતાની હવાઈ હુમલાની બિનલશ્કરી કાર્યવાહી તરીકે ગણાવીને પાકિસ્તાન ઉપર દબાણ વધાર્યું હતું. પુલવામામાં ૧૪મી ફેબ્રુઆરીના દિવસે કરવામાં

● અનુસંધાન પાના - ૭ પર

# અંકુશ રેખા પર પાકનો ગોળીબાર

**પોકમાં ભારતે ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી માર્યા બાદ સતત ગોળીબાર : અખનુર અને પુચ સેક્ટરમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં બે જવાનોને ઈજા : પાકિસ્તાનને ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો**



શ્રીનગર, તા.૫

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા બાદ ભારત દ્વારા પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમા ત્રાસવાદી અડ્ડાઓને હવાઈ હુમલા કરીને ફુંકી મારવામાં આવ્યા બાદ પાકિસ્તાનની નાપાક હરકત સરહદ પર જારી રહી છે. પાકિસ્તાનો અંકુશ રેખા પર અવિરત ગોળીબાર કર્યો છ. જેના કારણે સરહદી વિસ્તારમાં રહેતા લોકોમાં વ્યાપક દહેશત ફેલાયેલી છે. કેટલાક લોકો તો સુરક્ષિત સ્થળે પલાયન કરી ગયા છે. સાથે સાથે સ્કુલોને પણ બંધ રાખવામાં આવી રહી છે. પાકિસ્તાને આજે પણ સવારે અખનુર અને પુચ સેક્ટરમાં યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. જેનો યોગ્ય જવાબ ભારતીય જવાનોએ આપ્યો હતો. સંરક્ષણ મંત્રાલયના પ્રવકતા લેફટી. કર્નલ દેવેન્દર આનંદે કહ્યુ છે કે ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો હતો. આ ગોળીબાર સવારમાં ૬-૩૦ વાગે રોકાઈ ગયો હતો. પુચ સોકટરમાં પણ પાકિસ્તાની સોનાએ કોઈ ઉશ્કેરણીવગર ગોળીબાર કર્યો

● અનુસંધાન પાના - ૭ પર

# પાકમાં મસુદના ભાઈ સહિત જૈશના ૪૪ સભ્યની ધરપકડ

**પાકિસ્તાનનું ફરી વિશ્વને ગેરમાર્ગે દોરવાનું કૃત્ય : કુખ્યાત મુખ્ય ત્રાસવાદીઓ સામે કોઇપણ કાર્યવાહી નહીં**

નવીદિલ્હી, તા. ૫

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વિસ્ફોટક બનેલા છે ત્યારે વૈશ્વિક દબાણમાં આવેલા પાકિસ્તાને હવે દેખાવા પુરતા પણ કાર્યવાહીની શરૂઆત કરી છે જેના ભાગરુપે પાકિસ્તાને આજે જૈશના લીડર મસૂદ અઝહરના ભાઈ સહિત ત્રાસવાદી સંગઠનના ૪૪ સભ્યોની ધરપકડ કરી હતી. તેની જમીન ઉપર સક્રિય થયેલા આતંકવાદી સંગઠનો ઉપર અંકુશ મુકવા માટે વૈશ્વિક સમુદાય તરફથી પાકિસ્તાન ઉપર જોરદાર દબાણ લાવવામાં આવ્યું છે. પત્રકાર પરિષદમાં પાકિસ્તાનના ગૃહમંત્રી શહરયાર ખાને કહ્યું હતું કે, મસુદ અઝહરના ભાઈ મુફતી અબ્દુલ રૌફ અને હમાદ અઝહરને પણ પકડી પાડવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, ગયા સપ્તાહમાં પાકિસ્તાનને ભારત દ્વારા આપવામાં આવેલા ડોઝિયરમાં મુફતી અબ્દુલ રૌફ અને હમાદ અઝહરના નામ સામેલ હતા. જો કે, તેમણે કહ્યું હતું કે, આ કાર્યવાહી કોઈના પણ દબાણ હેઠળ કરવામાં આવી નથી. તમામ સંબંધિત સંગઠનો સામે



● અનુસંધાન પાના - ૭ પર

## ન્યુઝ ટ્રેક

**આપ-કોંગ્રેસ વચ્ચે ગઠબંધન નહી**

લોકસભા ચૂંટણી માટે દિલ્હીમાં આમ આદમી પાર્ટીના અભિયાનને ઠેસ પહોંચી છે. કોંગ્રેસે જાહેરાત કરી છે કે દિલ્હીમાં આપ સાથે કોંગ્રેસનું ગઠબંધન નહી થાય. દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ શીલા દીક્ષિતે આ જાહેરાત કરી છે.

**અકાલીદળના સાંસદ કોંગ્રેસમાં સામેલ**

ફિરોઝપુર લોકસભા સીટ પરથી સતત બે વાર સાંસદ તરીકે ચૂંટાયેલા શેરસિંહ ધુબાયાએ અકાલીદળના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામુ આપી દીધુ છે. તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, પંજાબ પ્રભારી આશાકુમારી અને સાંસદ સુનીલ જાખડની ઉપસ્થિતિમાં પાર્ટીમાં સામેલ થયા છે.

**વાયુ પ્રદુષણથી દર વર્ષે ૭૦ લાખના મોત**

સંયુક્ત રાષ્ટ્રના પર્યાવરણ અને માનવ અધિકારોના જાણકારોએ કહ્યુ છે કે ઘરની અંદર અને બહાર થઈ રહેલ વાયુ પ્રદુષણના કારણે દર વર્ષે લગભગ ૭૦ લાખ લોકોના મૃત્યુ નીપજે છે. જેમાં ૬ લાખ બાળકો પણ સામેલ છે.

# હવે દરિયાઈ માર્ગથી આતંક ફેલાવવાના પ્રયાસો થઈ શકે

**ત્રાસવાદીઓને ખાસ ટ્રેનિંગ મળી રહી છે : આતંકવાદીઓના ઈરાદાને નિષ્ફળ કરવા ભારતીય સેના સંપૂર્ણપણે સજ્જ હોવાનો દાવો : લાંબા**

નવી દિલ્હી, તા. ૫

નૌકા સેનાના પ્રમુખ એડમિરલ સુનિલ લાંબાએ આજે પુલવામા હુમલા પર પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર આકરા પ્રહાર કર્યા હતા. લાંબાએ કહ્યું હતું કે, ભારતને અસ્થિર કરવાની ઈચ્છા ધરાવનાર એક દેશથી સહાયતા મેળવીને કટ્ટરપંથીઓ તરફથી આ હુમલ કરવામાં આવ્યો હતો. નૌકા સેનાના વડાએ કહ્યું હતું કે, દરિયાઈ માર્ગ મારફતે બીજીરીતે ભારતમાં ત્રાસવાદી હુમલા કરવા માટે ત્રાસવાદીઓને ટ્રેનિંગ મળી ગઈ હોવાના અહેવાલ આવી રહ્યા છે. નૌકા સેના પ્રમુખે દરિયાઈ માર્ગ મારફતે હુમલાને અંજામ આપવાની આસંકા વ્યક્ત કરતા કહ્યું હતું કે, એવા અહેવાલ આવી રહ્યા છે કે, ત્રાસવાદીઓ દરિયાઈ માર્ગ સહિત જુદી જુદી રીતે હુમલાને અંજામ આપવા ટ્રેનિંગ લઈ રહ્યા છે. પુલવામામાં ૧૪મી ફેબ્રુઆરીના દિવસે જૈશ દ્વારા કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. મુંબઈ હુમલાને અંજામ આપવા માટે આતંકવાદીઓએ દરિયાઈ માર્ગનો ઉપયોગ કર્યો હતો. હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં સંરક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા વૈશ્વિક નિષ્ણાતો અને રાજકીય લોકોને સંબોધતા નૌકા સેનાના વડાએ કહ્યું હતું કે, આતંકવાદ હવે વૈશ્વિક પડકાર તરીકે છે. હાલના વર્ષોમાં અનેક પ્રકારના આતંકવાદી હુમલાઓ થઈ ચુક્યા છે. વિશ્વના આ હિસ્સામાં કેટલાક દેશના ત્રાસવાદીઓ ઘુસ્યા છે અને હુમલા કરી શક્યા છે. આતંકવાદ વૈશ્વિક પડકાર તરીકે છે. હાલના વર્ષોમાં ત્રાસવાદીઓ દ્વારા જે વૈશ્વિક વલણ અપનાવ્યું છે તેનાથી ખતરો વધી ગયો છે. નૌકા સેનાના વડાએ કહ્યું હતું કે, ભારતમાં વિતેલા વર્ષોમાં નિર્દોષ નાગરિકોને ટાર્ગેટ બનાવીને હુમલાઓ કરવામાં આવ્યા છે. ભારતને ગંભીર પ્રકારના આતંકવાદનો સામનો કરવો પડ્યો છે. ત્રણ સપ્તાહ પહેલા જ જમ્મુ કાશ્મીરમાં હુમલો કરવામાં આવ્યો હતો. પાકથી સહાયતા મેળવતા ત્રાસવાદી દ્વારા હુમલો કરાયો હતો.



# વિપક્ષ મારી પર સ્ટ્રાઈક કરી રહ્યા છે અને હું આતંકીઓ પર : મોદી

**શ્રમયોગી માનધન યોજના લોન્ચ કરતા વડાપ્રધાનનું સંબોધન : પેન્શન યોજના અમદાવાદથી શરૂ થઇ : ૪૨ કરોડને ફાયદો : કેટલાક લોકો માટે ગરીબી માત્ર માનસિકતા રહી છે : ૫૫ વર્ષ સુધી અનેક લોકોએ શ્રમિકોનો રાજકીય ઉપયોગ કર્યો છે પરંતુ અમે ૫૫ માસમાં યોજનાને અમલી કરી છે : શ્રમિકો માટે આજે સોનાનો દિવસ**

અમદાવાદ,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, કેટલાક લોકો માટે ગરીબી એ માનસિકતા છે. ૫૫ વર્ષ સુધી આ લોકોએ ‘ગરીબી હટાવો’ ના માત્ર રાષ્ટ્રીય નારા લગાવ્યા છે પરંતુ મારી સરકાર માત્ર ૫૫ મહિનામાં જ શ્રમિકો-ગરીબો માટે આદર્શ યોજનાઓ અમલી બનાવી છે. વડાપ્રધાનએ આજે પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન પેન્શન યોજનાનો અમદાવાદથી દેશવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અસંગઠિત ક્ષેત્રના ૪૨ કરોડ શ્રમયોગીઓને આ યોજનાનો લાભ મળશે. ૬૦ વર્ષની ઉંમર પછી ૩૦૦૦નું નિશ્ચિત પેન્શન મળશે. ૧૮ થી ૪૦ વર્ષની વયજૂથના શ્રમયોગીઓના ફાળા જેટલી જ રકમ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવનાર છે. હું દેશનો પ્રથમ નંબરનો મજૂર છું તેનો ઉલ્લેખ કરી મોદીએ કહ્યું કે, કેટલાક લોકો ગરીબીને માત્ર માનસિક અવસ્થા ગણાવે છે. તેમને ભૂખ્યા ગરીબોની દારૂણ પરિસ્થિતિનો ખ્યાલ સુધ્ધાં નથી. દેશમાં ગરીબી એ માનસિકતા નથી એવું માનનાર અને સમજનાર લોકોની માનસિકતાને કારણે આ વ્યથા જન્મી છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનએ વધુમાં જણાવ્યું હતું કે, આ યોજના શ્રમિકોની વૃધ્ધાવસ્થાનો આધાર – સહારો પૂરવાર થશે. મારી સરકાર આવા શ્રમિકો સાથે જ ખભો મિલાવીને કામ કરવા તત્પર છે. આ યોજના દેશના ૪૨ કરોડ શ્રમિકો-કામદારોની સેવાનો અવસર છે. ભવ્ય ભારતના નિર્માતા એવા શ્રમિકોનો પરસેવો એળે ન જાય તે રીતે શ્રમિકોના પરસેવાનું તિલક મા ભારતીને આજે થઈ રહ્યું છે. દેશમાં ઘરે ઘરેથી કચરો ઉઠાવનારા કપડાં-વાસણ ધોવાવાળા, ખેતમજૂરો, રોડ નિર્માણ કરનારા, મોચી, વણકર એમ અનેક વર્ગના શ્રમિકો માટે જીવન સુરક્ષિત કરવાનું લક્ષ્ય છે. ગરીબો-કામદારો-શ્રમિકો માટે પહેલાં પણ યોજના બનતી હતી તેનો ઉલ્લેખ કરી મોદીએ કહ્યું કે, યોજનાની મલાઇ વચેટીયાઓ ખાઇ જતા હતા પરંતુ હું આવા લોકોનો હાથ તેના પર પડવા દઈશ




● અનુસંધાન પાના - ૭ પર

# દલિત-આદિવાસીઓ દ્વારા ‘ભારત બંધ’

લખનઉ, તા.૫

૧૩ પોઈન્ટ રોસ્ટરના બદલે ૨૦૦ પોઈન્ટ રોસ્ટર લાગુ કરવાની માગણીના સમર્થનમાં મંગળવારે દલિત અને આદિવાસી સંગઠનો દ્વારા આપવામાં આવેલા ભારત બંધની અસર ખાસ કરીને બિહારમાં વધુ જોવા મળી રહી છે. બંધના સમર્થકોએ મંગળવારે કેટલાંય સ્થળે ટ્રેનો રોકી દીધી હતી તો કેટલાંક સ્થળોએ રસ્તા પર ચક્કાજામ કરી દીધો હતો.

ભારત બંધને રાષ્ટ્રીય જનતા દળ, સમાજવાદી પાર્ટી, વામસેફ, ભીમ આર્મી, રાષ્ટ્રીય લોકસમતા પાર્ટી સહિત કેટલાય પક્ષોનું સમર્થન પ્રાપ્ત થયું છે. રાજદ સહિત કેટલાય પક્ષના કાર્યકરો અને નેતાઓએ બંધમાં સક્રિય રીતે સામેલ થઈને રસ્તા પર ઊતરી આવ્યા છે. ભારત બંધને જિતનરામ માંઝીની પાર્ટી હિન્દુસ્તાન અવામ મોરચો, સીપીઆઈ, સીપીઆઈ-એમ વગેરેનું સમર્થન છે.

આદિવાસી અને દલિત સંગઠનોએ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની ભરતીમાં ૧૩ પોઈન્ટ રોસ્ટરના સ્થાને ૨૦૦ પોઈન્ટ રોસ્ટર લાગુ કરવાની માગણી કરી છે. આ ઉપરાંત શૈક્ષણિક અને સામાજિક રીતે ભેદભાવનો સામનો નહીં કરનારા સવર્ણોને ૧૦ ટકા અનામત આપવામાં આવી છે તેવી પણ માગણી કરી છે. ૨૦ લાખ આદિવાસી પરિવારોને વનભૂમિમાંથી વિસ્થાપિત કરવાના સુપ્રીમ કોર્ટના આદેશને સંપૂર્ણપણે રદ કરવા માટે વટહુકમ લાવવા માગણી કરી છે.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ અલ્હાબાદથી લખનૌ આવતી ગંગા-ગોમતી એક્સપ્રેસ ટ્રેનને બૈરહના વિસ્તારમાં રોકી દીધી હતી. એ જ રીતે બિહારના આરામાં ટ્રેન રોકી રહેલા ૧૦થી વધુ બંધના સમર્થકોની પોલીસે ધરપકડ કરી હતી. બંધના સમર્થકો જ્યારે ટ્રેન રોકવા માટે રેલવે સ્ટેશન પર પહોંચ્યા ત્યારે જીઆરપી અને આરપીએફએ તેમની અટકાયત કરી હતી.

આઈસાના કાર્યકરોએ અમદાવાદ-પટણા ટ્રેનને થંભાવી દીધી હતી. જ્યારે નવાદામાં ભીમ આર્મીના કાર્યકરોએ પટણા-રાંચી નેશનલ હાઈવે ૩૧ને જામ કરીને દેખાવો કર્યા હતા. નેશનલ હાઈવે પર ચક્કાજામના કારણે બંને બાજુ વાહનોની લાંબી કતાર લાગી ગઈ હતી. સદભાવનાચોકને સંપૂર્ણપણે ઠપ કરી દેવામાં આવ્યો હતો.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

